કુલ ગુણ	150

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી - ૨૦૨૬
(Special Competitive Examination For Promotion to the Post of Head Teacher)

કેટેગરી
A

HTAT (SCE) – 2026

A 105051

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાની તારીખ : ૦૧/૧૧/૨૦૨૬

પરીક્ષાનો સમય : બપોરે ૧૨:૦૦ થી ૧૪:૧૫

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક | | | | | | |

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઈઝરની સહી

પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ	
(1)	તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહિ.
(2)	૧ થી ૧૫૦ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય(Missing) તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.
(3)	મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઈઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.
(4)	પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઈ છે.
(5)	પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર છપાયેલ હશે, જે ખરાઈ કરવી. આપની પ્રશ્નપત્રની સીરીઝ ઉત્તરપત્ર (OMR SHEET) માં દર્શાવવાની રહેશે.
(6)	પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
(7)	ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઈઝરે બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) નું મુલ્યાંકન થશે નહિ. જેથી ઉમેદવારે સુપરવાઈઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી.
(8)	પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઈન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહિ.
(9)	પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઈપણ પ્રકારની નિશાની કરવી નહિ.
(10)	આ કસોટી પત્રમાં કુલ - 150 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ? (A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, OMR SHEET માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય. Ⓐ●ⓒⒹ
(11)	પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઈનસ માર્કીંગ સિસ્ટમ નથી. (NO NEGATIVE MARKING SYSTEM)
(12)	છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઈટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી.
(13)	પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) બ્લોક સુપરવાઈઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.
(14)	આ પરીક્ષા માટેનો સમય ૧૩૫ મિનિટનો છે.

રફ કામ માટેનું પેઇજ

(1) 4 ઓક્ટોબરના રોજ કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) વિશ્વ જળ દિવસ (B) વન્ય પ્રાણી દિવસ

(C) રાષ્ટ્રીય વન સંરક્ષણ દિવસ (D) રાષ્ટ્રીય સુરક્ષા દિવસ

(2) વિધાન - (i) : ગુજરાત રાજ્યનું રાજ્ય પક્ષી સારસ છે.

વિધાન - (ii) : ગુજરાતમાં છોરાડ લુપ્ત થવાના આરે છે.

(A) વિધાન - (i) સાચું છે. (B) વિધાન - (ii) સાચું છે.

(C) બંને વિધાન સાચાં છે. (D) બંને વિધાન ખોટાં છે.

(3) ભારતના અક્ષાંશીય અને રેખાંશીય વિસ્તારનું માપ લગભગ સમાન છે. આ માપ કેટલું છે ?

(A) 20^0 (B) 22^0 (C) 27^0 (D) 30^0

(4) ભારત આ દેશની સાથે સૌથી લાંબી જમીની સીમા ધરાવે છે.

(A) પાકિસ્તાન (B) બાંગ્લાદેશ

(C) અફઘાનિસ્તાન (D) મ્યાનમાર

(5) ગંગા નદીના સંરક્ષણના આશયથી વર્ષ 2014માં કયો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો ?

(A) પૂજામિ ગંગે (B) નમામિ ગંગે

(C) રક્ષામિ ગંગે (D) સ્વરામિ ગંગે

(6) જે પ્રદેશમાં અંબિકા, કોલક, કીમ અને તાપી નદી વહે છે, તે પ્રદેશને શું કહેવાય છે ?

(A) દંડકારણ પ્રદેશ (B) લાટનો પ્રદેશ

(C) ખારોપાટ (D) ફૂલઝરનો પ્રદેશ

(7) નવી સંશોધન ગણતરી મુજબ ગુજરાતના દરિયા કાંઠાની લંબાઈ કેટલી છે ?

(A) 2340 કિલોમીટર (B) 2360 કિલોમીટર

(C) 2355 કિલોમીટર (D) 2460 કિલોમીટર

(8) વસ્ત્ર ઉત્પાદન અને પ્રદેશના જોડમાંથી ખોટી જોડ ઓળખો.

(A) કૃત્રિમ રેસાંના બનેલ કપડાં - પૂર્વ ભારત (B) સુતરાઉ કપડાં - પશ્ચિમ ભારત

(C) રેશમી કપડાં - દક્ષિણ ભારત (D) ઊની કપડાં - ઉત્તર ભારત

(9) દેશના ઇતિહાસને સમજવા માટે તે માનવસમાજ અને સંસ્કૃતિનો અભ્યાસ કરે છે.

(A) ભૂસ્તરશાસ્ત્રી (B) જીવાશ્મવિજ્ઞાની

(C) નૃવંશશાસ્ત્રી (D) પુરાતત્ત્વવિદ

(10) 'જે દેશ સમુદ્રની ઉત્તરે અને બરફીલા પર્વતોની દક્ષિણે આવેલો છે તેને ભારત કહે છે' – ભારતીય ઉપખંડની આવી વ્યાખ્યા શામાં જોવા મળે છે ?

(A) શિવ પુરાણ (B) વિષ્ણુ પુરાણ (C) ગરુડ પુરાણ (D) સ્કંધ પુરાણ

(11) હડપ્પીય સંસ્કૃતિના શહેર અને વર્તમાન પ્રદેશની સાચી જોડ ઓળખો.

(A) કાલીબંગા – રાજસ્થાન (B) ધોળાવીરા – હરિયાણા

(C) મોહં-જો-દડો – પંજાબ (D) રાખીગઢી – સિંધ

(12) રવીન્દ્રનાથ ટાગોરે વર્ષ 1901 માં કઈ શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી હતી ?

(A) વિદ્યાનિકેતન (B) ગીતાંજલિ

(C) શાંતિનિકેતન (D) વિદ્યાંજલિ

(13) ગુજરાતમાં લોકોને વહેમ, અંધશ્રદ્ધા અને દોરાધાગાની પ્રવૃત્તિઓમાંથી છોડાવવાની કામગીરી કરવા ઈ.સ. 1844 માં કોણે સુરતમાં માનવધર્મ સભાની સ્થાપના કરી હતી ?

(A) નર્મદ (B) કરશનદાસ મૂળજી

(C) દલપતરામ (D) દુર્ગારામ મહેતાજી

(14) ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદની સ્થાપના ગાંધીજીએ કયા વર્ષમાં કરી હતી ?

(A) 1920 (B) 1922 (C) 1917 (D) 1921

(15) નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ?

I. નકળંગનો મેળો – કોળિયાક

II. વૌઠાનો મેળો – ધોળકા

III. ગોળ ગધેડાનો મેળો – ગરબાડા

IV. ભાંગરિયાનો મેળો – પાટણ

(A) જોડકું I (B) જોડકું II (C) જોડકું IV (D) જોડકું III

(16) નીચેના વિધાન ચકાસો.

(i) મુઘલ બાદશાહ અકબરે સુરત જીત્યું હતું.

(ii) સુરતમાં ઈ.સ. 1573 ના સમયગાળામાં વસ્ત્ર ઉપર જરીકામ થતું હતું.

(A) વિધાન - (i) સાચું છે. (B) વિધાન - (ii) સાચું છે.

(C) વિધાન (i) અને (ii) સાચા છે. (D) વિધાન (i) અને (ii) ખોટાં છે.

(17) C 7 Y, G 15 V, K 31 S, ? – આ શ્રેણીમાં ? ની જગ્યાએ શું આવશે ?

(A) N 63 P (B) O 63 Q

(C) O 62 P (D) O 63 P

(18) A, B, C, D અને E એક જ પરિવારના સભ્યો છે. C એ A ની બહેન છે. D એ B ના પિતા છે. A અને B સગા ભાઈ છે. E એ D ની માતા છે. A અને E વચ્ચે શો સંબંધ છે ?

(A) પૌત્રી – દાદા (B) પૌત્ર – દાદી

(C) પૌત્ર – દાદા (D) પુત્ર – પિતા

(19) એક વ્યક્તિ ઉત્તર તરફ 4 કિમીની સીધી મુસાફરી કરે છે, પછી ડાબી તરફ વળે છે અને 6 કિમીની સીધી મુસાફરી કરે છે. ત્યારબાદ જમણી બાજુ વળીને 4 કિમીની સીધી મુસાફરી કરી અટકી જાય છે. આ વ્યક્તિ શરૂઆતના સ્થાનની કેટલી દૂર હશે ?

(A) 8 (B) 10 (C) 14 (D) 16

(20) ધોરણ 8 ની ત્રિમાસિક કસોટીમાં ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ નીચે મુજબ છે. સરેરાશ કરતાં વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે ?

22	19	30
34	20	14
32	28	17

(A) 2 (B) 3 (C) 4 (D) 5

(21) ચડતા ક્રમમાં યોગ્ય રીતે ગોઠવેલ સંખ્યાઓનું જૂથ ઓળખો.

(A) $\frac{4}{5}, \frac{3}{4}, \frac{7}{10}$ (B) $\frac{7}{10}, \frac{3}{4}, \frac{4}{5}$

(C) $\frac{3}{4}, \frac{7}{10}, \frac{4}{5}$ (D) $\frac{4}{5}, \frac{7}{10}, \frac{3}{4}$

(22) જો કોઈ ચોક્કસ સાંકેતિક ભાષામાં TEACHER = VGCEJCT લખવામાં આવે, તો તેજ ભાષામાં STUDENT = ?

(A) UVWFGPV (B) TVXFHOU (C) UVXGPGV (D) UVWFGOU

(23) જો વર્ષ 2024 ના જાન્યુઆરી મહિનાની 1 લી તારીખે સોમવાર હોય, તો વર્ષ 2025 ની 1લી જાન્યુઆરીએ કયો વાર હશે ?

(A) મંગળવાર (B) બુધવાર (C) ગુરુવાર (D) શુક્રવાર

(24) (1) તમામ શિક્ષકો વિદ્વાન છે.

(2) કેટલાક વિદ્વાનો સંશોધકો છે.

તારણો :

(i) કેટલાક શિક્ષકો સંશોધકો છે.

(ii) કેટલાક વિદ્વાન શિક્ષકો છે.

(A) માત્ર તારણ – (i) સાચુ છે. (B) માત્ર તારણ – (ii) સાચુ છે.

(C) તારણ – (i) અને (ii) બંને સાચા છે. (D) એક પણ તારણ સાચુ નથી.

(25) અટકાયત કરેલી વ્યક્તિને કેટલા કલાકની અંદર નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જરૂરી છે ?

(A) 12 કલાક (B) 24 કલાક (C) 36 કલાક (D) 48 કલાક

(26) રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સંવિધાનના કયા ભાગમાં દર્શાવવામાં આવેલ છે ?

(A) ભાગ - 2 (B) ભાગ - 3 (C) ભાગ - 4 (D) ભાગ 4 (ક)

(27) મૂળભૂત હકો સાથે અસંગત હોય તેવા કાયદાઓ રદબાતલ ગણાશે. આ અંગેની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવેલ છે ?

(A) અનુચ્છેદ 13 (B) અનુચ્છેદ 14 (C) અનુચ્છેદ 12 (D) અનુચ્છેદ 11

(28) "સાંપ્રદાયિક ભેદોથી પર રહીને તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુતાની વૃદ્ધિ કરવી." – આ બાબત શું છે ?

(A) મૂળભૂત અધિકાર (B) મૂળભૂત ફરજ

(C) રાજ્યકીય નીતિ (D) સંસદીય વિશેષાધિકાર

(29) છ વર્ષની ઓછી વયના બાળકો માટે સંભાળ અને શિક્ષણની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદ હેઠળ કરવામાં આવેલ છે ?

(A) અનુચ્છેદ 40 (B) અનુચ્છેદ 43 (C) અનુચ્છેદ 44 (D) અનુચ્છેદ 45

(30) "પોષણ અને જીવન ધોરણ ઊંચા લાવવાની તથા જાહેર આરોગ્ય સુધારવાની રાજ્યની ફરજ" આ જોગવાઈ બંધારણની કઈ કલમથી કરવામાં આવેલ છે ?

(A) 46 (B) 48-ક (C) 48 (D) 47

(31) સમાન નાગરિક સંહિતા (UCC) ની જોગવાઈ કયા અનુચ્છેદમાં છે ?

(A) અનુચ્છેદ 40 (B) અનુચ્છેદ 41 (C) અનુચ્છેદ 44 (D) અનુચ્છેદ 50

(32) મૂળભૂત હકોનું રક્ષક (Guardian) કોણ છે ?

(A) સંસદ (B) વડાપ્રધાન (C) રાષ્ટ્રપતિ (D) સર્વોચ્ચ અદાલત

(33) ભારતીય બંધારણમાં અનુચ્છેદ - 48 રાજ્યોને કયો નિર્દેશ આપે છે ?

(A) મફત અને ફરજિયાત શિક્ષણ આપવું (B) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી

(C) કારોબારીથી ન્યાય તંત્રને અલગ રાખવું (D) ગાયો તથા અન્ય દુધાળા પશુઓની કતલ અટકાવવી.

(34) ભારતીય બંધારણની કઈ કલમ વ્યક્તિને એક જ ગુના માટે એકથી વધુ વાર સજા કરવા પર મનાઈ ફરમાવે છે ?

(A) 19 (B) 20 (C) 21 (D) 22

(35) શાળાના વાર્ષિક ઉત્સવ માટેની થીમ (theme) પસંદ કરવા તમારે વાલીઓમાં એક સર્વેક્ષણ કરાવવું છે. આ માટે સૌથી ઉચિત શું રહેશે ?

(A) ગૂગલ નોટબુક (B) ગૂગલ કેલેન્ડર

(C) ગૂગલ સ્લાઈડ્સ (D) ગૂગલ ફોર્મ્સ

(36) શિક્ષક ત્રિકોણના વિવિધ પ્રકાર શીખવતી વખતે વિદ્યાર્થીઓ જાતે જ ખૂણાના માપ બદલીને ત્રિકોણના આકારમાં થતા ફેરફાર જણાવે તેવું ઈચ્છે છે. આ માટે ડિજિટલ માધ્યમ તરીકે શું સૌથી વધુ ઉપયોગી થશે ?

(A) ગૂગલ ફોર્મ્સ (B) જીઓ જેબ્રા

(C) ગૂગલ 3D ઑબ્જેક્ટ્સ (D) એમ.એસ. પેઇન્ટ

(37) આ ડિજિટલ શૈક્ષણિક પહેલ NCERTની નથી ?

(A) ePathshala (B) DIKSHA (C) Pariksha Sangam (D) NISHTHA

(38) તાજેતરમાં ભારતમાં કયા મુખ્ય મચ્છરજન્ય રોગ માટેની રસી બનાવવાની જાહેરાત કરવામાં આવી છે ?

(A) ડેન્ગ્યુ (B) ચિકનગુનિયા (C) મેલેરિયા (D) હાથીપગો

(39) પ્રકાશ વર્ષ એ શેનો એકમ છે ?

(A) સમય (B) પ્રકાશની તીવ્રતા (C) અંતર (D) વેગ

(40) Global Warming માટે મુખ્યત્વે કયો ગ્રીનહાઉસ ગેસ જવાબદાર છે ?

(A) O_2 (B) O_3 (C) CO_2 (D) NO_2

(41) જૈવવિવિધતા માટે વિશ્વભરમાં પ્રખ્યાત સુંદરવનનાં જંગલો એ કયા પ્રકારના વન છે ?

(A) મેન્ગ્રોવ જંગલો (B) ઉષ્ણકટિબંધીય જંગલો

(C) શંકુદ્રુમ જંગલો (D) કાંટાળા જંગલો

(42) મીઠાપાણીની વનસ્પતિ અને પ્રાણીઓ માટે સૌથી સહાયક pH મર્યાદા કઈ છે ?

(A) 6.5 - 7.5 (B) 2.0 - 3.5 (C) 3.5 - 5.0 (D) 9.0 - 10.5

(43) ICT ઇકો સિસ્ટમમાં નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (NPCI) નું પ્રાથમિક કાર્ય શું છે ?

(A) ટેલિકોમ નેટવર્કનું નિયમન (B) ઉપગ્રહ સંચારનું સંચાલન

(C) ડિજિટલ ઓળખ જારી કરવી (D) રિટેલ ચૂકવણી સિસ્ટમોનું સંચાલન

(44) સપ્ટેમ્બર 2026 માં કેન્દ્રીય મંત્રી મંડળે ફરજીયાત EPFO કવરેજ માટે વૈધાનિક વેતન મર્યાદામાં વધારો કરવાની મંજૂરી આપી. નવી વધેલી માસિક મર્યાદા કેટલી છે ?

(A) રૂા. 35,000 (B) રૂા. 20,000 (C) રૂા. 25,000 (D) રૂા. 30,000

(45) ભારત ઇનોવેટસ 2026 ઇવેન્ટનું ઉદ્ઘાટન જૂન 2026 માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કયા દેશના રાષ્ટ્રપતિ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું ?

(A) યુનાઇટેડ કિંગડમ (B) જર્મની

(C) ફ્રાન્સ (D) સંયુક્ત આરબ અમીરાત

(46) ગુજરાતના કયા પવિત્ર યાત્રાધામ વિસ્તારના માર્બલને તાજેતરમાં ભારત સરકાર દ્વારા 'GI Tag' આપવામાં આવ્યો ?

(A) પાવાગઢ (B) અંબાજી (C) બહુચરાજી (D) પાલિતાણા

(47) ભારતની પ્રથમ "હાઇડ્રોજન ટ્રેન"નું સફળ પરીક્ષણ કયા રેલવે રૂટ પર કરવામાં આવ્યું ?

(A) કાલકા - સિમલા રૂટ (B) અમદાવાદ - વડોદરા રૂટ

(C) જીંદ - સોનીપત રૂટ (D) મુંબઈ - પૂણે રૂટ

(48) તાજેતરમાં સમગ્ર રાજ્યમાં યોજાયેલ "સ્વચ્છતા હી સેવા-2026" અભિયાન અંતર્ગત ગુજરાતમાં કયો વિશેષ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ?

(A) મિશન ક્લીન કોસ્ટ (B) સેવા સંકલ્પ અભિયાન

(C) એક કદમ સ્વચ્છતા કી ઓર (D) નિર્મળ ગુજરાત મિશન

(49) ગુજરાતના કયા સ્થળે એશિયાનું પ્રથમ ડેઝર્ટ થીમ ઝૂઓલોજિકલ પાર્ક બનશે ?

(A) ભૂજ, કચ્છ (B) ભાભર, વાવ-થરાદ

(C) ડીસા, બનાસકાંઠા (D) સૂઈગામ, વાવ-થરાદ

(50) UNESCO દ્વારા જાહેર કરવામાં આવતા 'વિશ્વ શિક્ષક દિવસ' કઈ તારીખે ઉજવાય છે ?

(A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 15 નવેમ્બર (D) 24 જાન્યુઆરી

(51) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનીયમ 1947 ની જોગવાઈ પ્રમાણે જિલ્લા સ્કૂલ બોર્ડની સત્તા, ફરજો અને કાર્યો કયા છે ?

(i) જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ સંદર્ભે રાજ્ય સરકારને સલાહ આપવી

(ii) પૂરતી સંખ્યામાં પ્રાથમિક શાળાઓ નિભાવવી

(iii) પ્રાથમિક શાળાઓનું ચોક્કસ સ્થાન નક્કી કરવું

(iv) સરકારની મંજુરી માટે વધારાની શાળાઓ ખોલવાનાં સૂચનો કરવા

(A) (i) થી (iv) તમામ (B) (i) થી (iii) (C) (ii) થી (iv) (D) (ii) અને (iii)

(52) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની જોગવાઈ પ્રમાણે પ્રાથમિક શિક્ષણ બોર્ડમાં સભ્યો કેટલા વર્ષની મુદત માટે હોદ્દો ધરાવે છે ?

(A) 4 વર્ષ (B) 2 વર્ષ (C) 3 વર્ષ (D) 5 વર્ષ

(53) ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 મુજબ, ધોરણ 6, 7 માં કેટલા કલાક ગૃહકાર્ય આપી શકાય ?

(A) અડધો કલાક (B) એક કલાક (C) દોઢ કલાક (D) બે કલાક

(54) ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 ની કલમ-20 હેઠળ નિમાયેલા કર્મચારીઓને બઢતી આપવાની સત્તા કોને છે ?

(A) વહીવટી અધિકારી (B) જિલ્લા વિકાસ અધિકારી

(C) જિલ્લા શિક્ષણાધિકારી (D) રાજ્ય સરકાર

(55) સ્કૂલ બોર્ડના કોઈ હુકમ કે ઠરાવને પ્રાથમિક શિક્ષણ અધિનિયમની કલમ-51 હેઠળ પ્રતિષેધ કરવાની સત્તા કોને છે ?

(A) શાસનાધિકારી (B) જિલ્લા શિક્ષણાધિકારી (C) નિયામક (D) મ્યુનિસિપલ કમિશ્નર

(56) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 મુજબ નિયામકશ્રી કઈ કલમ અંતર્ગત પત્રક મંગાવવાની તથા ખુલાસો મંગાવવાની સતા ધરાવે છે ?

(A) કલમ - 48 મુજબ (B) કલમ - 36 મુજબ (C) કલમ - 47 મુજબ (D) કલમ - 50 મુજબ

(57) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ-1949 માં સ્કૂલ બોર્ડની બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારીની હાજરી અંગેની બાબતમાં શું સાચું છે ?

(A) જિલ્લા શિક્ષણાધિકારીએ સ્કૂલ બોર્ડની બેઠકમાં હાજરી ન આપવાની હોય

(B) સ્કૂલ બોર્ડ બેઠકમાં હાજરી આપવી ફરજિયાત છે.

(C) જિલ્લા શિક્ષણાધિકારી બેઠકમાં ભાગ લઈ શકે પછી મત આપવાના હક રહેશે નહિ.

(D) જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ચર્ચા કર્યા બાદ તેમને મત પણ આપવાનો હક છે.

(58) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 મુજબ એક બેઠકમાં શિક્ષકોને વર્ગ અને વિદ્યાર્થી સોપવા બાબતે શું જોગવાઈ છે ?

(A) એક બેઠકમાં વધુમાં વધુ ત્રણ વર્ગ સોપી શકાય.

(B) એક બેઠકમાં વધુમાં વધુ 2 વર્ગ નવા 30 વિદ્યાર્થી કરતા વધુ વિદ્યાર્થી ન સોપવા

(C) એક બેઠકમાં 3 વર્ગથી વધુ કે 40 વિદ્યાર્થીથી વધુ વિદ્યાર્થી ન સોપવા

(D) એક બેઠકમાં 2 વર્ગથી વધુ કે 40 વિદ્યાર્થીથી વધુ વિદ્યાર્થી ન સોપવા જોઈએ.

(59) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 મુજબ બીટ નિરીક્ષકને મુખ્ય શિક્ષકની પ્રાસંગિક રજા એકી સાથે વધુમાં વધુ કેટલી મંજૂર કરવાની સતા સોપવામાં આવેલ છે ?

(A) એકી વખતે 12 દિવસ કરતા વધારે નહિ (B) એકી વખતે 7 દિવસ કરતા વધારે નહિ

(C) એકી વખતે 8 દિવસ કરતા વધારે નહિ (D) એકી વખતે 3 દિવસ કરતા વધારે નહિ

(60) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 મુજબ બાળકોને ગૃહકાર્ય આપવા અંગેની જોગવાઈ કયા નિયમ અંતર્ગત કરવામાં આવેલ છે ?

(A) નિયમ - 125 માં (B) નિયમ - 126 માં

(C) નિયમ - 127 માં (D) નિયમ - 128 માં

(61) શાળામાં તમામ વિદ્યાર્થીઓના કાર્યક્ષમ અને અસરકારક શિક્ષણ માટેની જવાબદારી પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 માં કોને સોંપવામાં આવી છે ?

(A) વર્ગશિક્ષક (B) વિષયશિક્ષક (C) મુખ્યશિક્ષક (D) કેળવણી નિરીક્ષક

(62) પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 ના નિયમ : 133 માં દિવસમાં કેટલીવાર વિદ્યાર્થીની હાજરી લેવાની જોગવાઈ છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(63) આર.ટી.ઈ. નિયમો-2012 અનુસાર પ્રવેશ માટે લંબાવેલ મુદત શૈક્ષણિક વર્ષના આરંભથી કેટલા માસની રહેશે ?

(A) એક (B) ત્રણ (C) છ (D) ચાર

(64) એક નગર શિક્ષણ સમિતિ પોતાના વિસ્તારમાં નવી સરકારી પ્રાથમિક શાળા ખોલવા માંગે છે. કોની મંજૂરી આવશ્યક છે ?

(A) શાસનાધિકારી (B) જિલ્લા શિક્ષણાધિકારી

(C) નિયામક પ્રાથમિક શિક્ષણ (D) નગર શિક્ષણ સમિતિ

(65) આર.ટી.ઈ. નિયમો-2012 ના નિયમ-7 અનુસાર સ્થાનિક સત્તા મંડળે બાળકના જન્મથી કેટલા વર્ષ સુધીનું રેકર્ડ નિભાવવું જોઈએ ?

(A) 3 વર્ષ (B) 5 વર્ષ (C) 6 વર્ષ (D) 14 વર્ષ

(66) શિક્ષણ વિભાગના જાહેરનામા તારીખ 28/2/2012 માં "વિદ્યાર્થી પ્રગતિ રેકોર્ડ"માં કઈ વિગતોનો સમાવેશ કરવામાં આવે છે ?

(A) યુનિટ ટેસ્ટ (B) સર્વગ્રાહી અને સતત મૂલ્યાંકન

(C) વાર્ષિક પરીક્ષા (D) ગેપ પરીક્ષા

(67) બિન સહાયિત શાળાઓમાં નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોના પ્રવેશ માટે કયા સૂક્ષ્મ સત્તાધીશ પ્રવેશ માટે માર્ગદર્શિકા તૈયાર કરશે ?

(A) નિયામક, પ્રાથમિક શિક્ષણ
(B) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર સમગ્રશિક્ષા
(C) નિયામક, GCERT
(D) જિલ્લા શિક્ષણ સમિતિ

(68) શિક્ષણ વિભાગના નોટીફિકેશન તારીખ 18/2/2012 ના નિયમ-22 ની જોગવાઈ પ્રમાણે શાળાઓના શિક્ષકોની ફરિયાદ નિવારણ માટેનું પ્રથમસ્તર કોણ ગણાશે ?

(A) જિલ્લાશિક્ષણ સમિતિ
(B) ટ્રિબ્યુનલ
(C) શાળા વ્યવસ્થાપક સમિતિ
(D) તાલુકાશિક્ષણ સમિતિ

(69) RTE Act-2009 અંતર્ગત જ્યારે વિદ્યાર્થી કોઈ કારણોસર શાળામાંથી અન્ય શાળામાં પ્રવેશ મેળવે છે, ત્યારે કયા સત્તાધીશ ટ્રાન્સફર સર્ટિફિકેટ ઈશ્યુ કરે છે ?

(A) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
(B) તાલુકા વિકાસ અધિકારી
(C) વર્ગખંડ શિક્ષક
(D) મુખ્યશિક્ષક

(70) RTE Act-2009 અસ્તિત્વમાં આવ્યા પૂર્વ શાળા શરૂ થયેલ હોય અને ધારા-ધોરણો પ્રમાણે સ્ટાફ, સુવિધાઓ અને અન્ય બાબતો પરીપૂર્ણ ન કરેલ હોય તો Act અસ્તિત્વમાં આવ્યાથી કેટલા વર્ષોની અંદર ધારા-ધોરણો પૂર્ણ કરવાના રહેશે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) અઢી

(71) શિક્ષણ દ્વારા કરેલ અનિયમિતતા / ગૈરરીતિઓના સંદર્ભમાં શિસ્ત વિષયક કાર્યવાહી કરવાની થાય તે પૂર્વ શિસ્ત અધિકારીએ કયા પ્રકારની કાર્યવાહી કરવી જોઈએ ? RTE Act-2009 સંદર્ભમાં...

(A) તપાસ અધિકારી દ્વારા સુનાવણી
(B) સાક્ષીઓની ઉલટ-તપાસ
(C) પુનઃ તપાસની કાર્યવાહી
(D) વાજબી તક આપવાની કાર્યવાહી

(72) RTE-2009 અંતર્ગત ધોરણ 6 થી 8 માં વર્ષમાં કેટલા દિવસનું શૈક્ષણિક કાર્ય કરવું ફરજિયાત છે ?

(A) 220 દિવસ
(B) 200 દિવસ
(C) 180 દિવસ
(D) 210 દિવસ

(73) RTE-2009 અંતર્ગત, નીચેનામાંથી કઈ બાબત પ્રતિબંધિત છે ?

(A) પ્રવેશ કસોટી
(B) કેપીટેશન ફી
(C) માતા-પિતાનો ઈન્ટરવ્યુ
(D) ઉપરોક્ત ત્રણેય

(74) NEP-2020 ના સંદર્ભમાં અભ્યાસક્રમ અને શિક્ષણ શાસ્ત્રના પુનર્ગઠન માટે કઈ જોડ સાચી ?

(A) 5 + 3 + 3 + 4, 0 – 18 વર્ષ
(B) 5 + 3 + 3 + 4, 3 – 18 વર્ષ
(C) 5 + 3 + 3 + 4, 3 – 17 વર્ષ
(D) 5 + 3 + 3 + 4, 1 – 18 વર્ષ

(75) NEP-2020 મુજબ અભ્યાસક્રમમાં વિષયવસ્તુનું ભારણ ઘટાડવા પાછળનું તર્ક કયું ?

(A) જરૂરી અધ્યયન અને વિવેચાનાત્મક ચિંતન સમૃદ્ધ બનાવવા

(B) મુખ્ય વિષયવસ્તુને વધુ સમય આપી શકાય

(C) વિદ્યાર્થી પર રહેલો ભણવાનો ભાર હળવો કરવો

(D) શિક્ષકો સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે વધુ સમય આપી શકે.

(76) NEP-2020 મુજબ બહુભાષિતા (Multilingualism) ના સંદર્ભમાં કયું વિધાન સંગત નથી ?

(A) નાના બાળકો મહત્ત્વપૂર્ણ સંકલ્પના માતૃભાષામાં વધુ ઝડપથી શીખે છે.

(B) શક્ય હોય ત્યાં, ઓછામાં ઓછું ધોરણ-5 સુધી શીખવાનું માધ્યમ માતૃભાષા હશે.

(C) બહુભાષી કુટુંબોમાંથી આવતા બાળકો માટે દ્વિ-ભાષીય માધ્યમ ન આપવું.

(D) વિજ્ઞાન વિષય સહિતના વિવિધ પાઠ્યપુસ્તકો માતૃભાષામાં હોવા જોઈએ.

(77) NEP-2020 મુજબ કયું વિષય જૂથ સાંપ્રત વિષય જૂથ તરીકે આવશે ?

(A) સર્વાંગી સ્વાસ્થ્ય, સામાજિક અધ્યયન, પર્યાવરણીય શિક્ષણ

(B) કૃત્રિમ બુદ્ધિમત્તા, સર્વાંગી સ્વાસ્થ્ય, વૈશ્વિક નાગરિકતા શિક્ષણ

(C) પર્યાવરણીય શિક્ષણ, વિજ્ઞાન, જૈવિક જીવનશૈલી

(D) કૃત્રિમ બુદ્ધિમત્તા, શારીરિક શિક્ષણ અને સુખાકારી, કલા શિક્ષણ

(78) ધોરણ 6 થી 8 દરમિયાન વિદ્યાર્થીઓને સુથારી કામ, ઈલેક્ટ્રિક કામ, ધાતુકામ, માળી કામ વગેરેનો જાત અનુભવ આપવા માટે કયો કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે ?

(A) વોકેશનલ કોર્ષ (B) 10 Bagless Days

(C) પૂર્વ-વ્યાવસાયિક શિક્ષણ (D) સ્થળ મુલાકાત

(79) વિદ્યાર્થી વિકાસ માટે આકલનમાં પરિવર્તન અંતર્ગત લાગુ પડતું/પડતાં વિધાનો માટે સાચો વિકલ્પ શોધો ?

(1) પ્રગતિ પત્રક સર્વાંગી અને ત્રિ-પરિમાણીય હશે.

(2) વિદ્યાર્થીઓના ઉચ્ચ પ્રકારના કૌશલો જેવાં કે વિશ્લેષણ, વિવેચનાત્મક ચિંતન અને સંકલ્પનાની સમજનું આકલન કરવામાં આવશે.

(3) રાજ્ય અને રાષ્ટ્રકક્ષાના સર્વેક્ષણો નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) હાથ ધરશે.

(4) બોર્ડ પરીક્ષાનું 'તણાવ' ઓછું કરવા મુખ્ય પરીક્ષા અને સુધાર પરીક્ષા લેવામાં આવશે.

(A) વિધાન ક્રમ 2, 3 અને 4 (B) વિધાન ક્રમ 1, 2 અને 4

(C) વિધાન ક્રમ 1, 2 અને 3 (D) વિધાન ક્રમ 2 અને 4

(80) કઈ જોડી ખોટી છે ?

(A) PARAKH - વિદ્યાર્થી આકલન (B) PSSB - શિક્ષક વ્યવસાય માપદંડો

(C) SCDP - શાળા વિકાસ માટેનું આયોજન (D) SSSA - શાળા ગુણવત્તા માપદંડો

(81) નીચેનામાંથી કયું વિધાન 'CBSE' ની વાસ્તવિક કાર્યો અને ક્ષેત્રાધિકાર (Scope) ને સાચી રીતે દર્શાવે છે ?

(A) તે સમગ્ર દેશની તમામ રાજ્ય બોર્ડની શાળાઓ માટે પાઠ્યપુસ્તકો તૈયાર કરે છે.

(B) તે માધ્યમિક શાળાના શિક્ષકોની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરે છે.

(C) તે માત્ર KVS અને NVS માટે અભ્યાસક્રમ બનાવતી સંસ્થા છે.

(D) તે ભારતમાં અને બારત બહાર આવેલા ખાનગી તથા સરકારી શાળાઓને સંલગ્નતા આપતુ અને પરીક્ષાઓ યોજતું રાષ્ટ્રીય બોર્ડ છે.

(82) એક શિક્ષક પોતાની વર્ગખંડની સમસ્યા ઉકેલવા માટે ક્રિયાત્મક સંશોધન કરવા માંગે છે અને તેની શ્રેષ્ઠ પ્રવૃત્તિને રાજ્ય સ્તરે પ્રદર્શિત કરવા માંગે છે. તો તેણે રાજ્યની કઈ સંસ્થાના માર્ગદર્શન હેઠળ કાર્ય કરવાનું રહેશે ?

(A) NCTE (B) GIET

(C) GCERT (D) GSHSEB

(83) શૈક્ષણિક ડેટા અને વહીવટી આયોજન માટે UDISE + ના ડેટાનું વિશ્લેષણ કઈ સંસ્થા કરે છે ?

(A) NCTE (B) NIEPA (C) NCERT (D) CIET

(84) નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન અયોગ્ય છે ?

(A) GCERT એ રાજ્યની સ્વાયત્ત સંસ્થા છે.

(B) NIEPA એ NCERT ના માર્ગદર્શન હેઠળ કાર્ય કરે છે.

(C) NCTE એ સંસદના કાયદા દ્વારા સ્થાપિત વૈધાનિક (Statutory) સંસ્થા છે.

(D) NCERT એ કેન્દ્ર સરકારની વૈધાનિક સંસ્થા નથી.

(85) નીચે આપેલ વિધાન (A) અને કારણ (R) ધ્યાને લો :

વિધાન (A) – NCERT એ સમગ્ર દેશ માટે NCF તૈયાર કરે છે, પરંતુ રાજ્યો તેને સીધે સીધુ અમલમાં મૂકવા બંધાયેલા નથી.

કારણ (R) – ભારતીય બંધારણ મુજબ શિક્ષક એ સમવર્તી સૂચિનો વિષય છે, જેમાં રાજ્ય સરકારોને સ્થાનિક સંદર્ભ મુજબ ફેરફાર કરવાની સ્વાયત્તા છે.

(A) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(B) (A) અને (R) બંને સાચા છે, પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી.

(C) (A) ખોટું છે, (R) સાચું છે.

(D) (A) અને (R) બંને સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે.

(86) નમો લક્ષ્મીયોજના અંતર્ગત ધોરણ 9 થી 12 નો અભ્યાસ પૂર્ણ થયેથી કુલ કેટલા રૂપિયા સહાય મળવાપાત્ર છે ?

(A) 20,000 (B) 25,000 (C) 30,000 (D) 50,000

(87) મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત, ધોરણ 6 થી 8 માં બાળક દીઠ કેટલો અનાજનો જથ્થો મળે છે ?

(A) 75 ગ્રામ (B) 100 ગ્રામ (C) 150 ગ્રામ (D) 200 ગ્રામ

(88) નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાની સહાય માટે ધોરણ 10 ની બોર્ડની પરીક્ષામાં ઓછામાં ઓછા કેટલા ટકા જોઈએ ?

(A) 40 ટકા (B) 45 ટકા (C) 50 ટકા (D) 60 ટકા

(89) શિક્ષણ વિભાગના તા. 7/6/2023 ના ઠરાવ અનુસાર 'મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના' કયા ધોરણથી કયા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ માટે છે ?

(A) ધોરણ 6 થી 12 (B) ધોરણ 6 થી 8

(C) ધોરણ 6 થી 10 (D) ધોરણ 9 થી 12

(90) સરકારી પ્રાથમિક શાળાઓ માટે 'જ્ઞાનસહાયક' યોજના ક્યારથી અમલમાં આવી ?

(A) જુલાઈ - 2023 (B) જૂન - 2023 (C) મે - 2023 (D) જૂન - 2022

(91) રાજ્યમાં એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલના માધ્યમથી નવાચાર કરતા શિક્ષકોને મંચ આપવાનું કાર્ય કઈ સંસ્થા કરે છે ?

(A) કમિશનર શાળાઓની કચેરી

(B) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(C) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

(D) રાજ્ય પરીક્ષા બોર્ડ

(92) શૈક્ષણિક ટેક્નોલૉજીના સંદર્ભમાં 'સ્વયમ પ્રભા' શું છે ?

(A) DTH ચેનલ્સ દ્વારા શિક્ષણક્ષેત્રના નિષ્ણાતોનો સીધો લાભ વિદ્યાર્થીઓને મળે તેવી વ્યવસ્થા

(B) ઓનલાઈન કોર્સિસના માધ્યમથી વિદ્યાર્થીઓ ઘરબેઠાં વ્યાવસાયિક કૌશલ્યો મેળવી શકે તેવી વ્યવસ્થા

(C) સતત વ્યાવસાયિક વિકાસના ભાગરૂપે શિક્ષકોને અપાતી ઓનલાઈન તાલીમની વ્યવસ્થા

(D) વિદ્યાર્થીઓ ડિજિટલ માધ્યમથી પોતાના કૌશલ્યો રજૂ કરી શકે તે માટેની વ્યવસ્થા

(93) આ ક્રિયાત્મક સંશોધનનું લક્ષણ નથી.

(A) જે વ્યક્તિ સમસ્યા અનુભવે છે તે જ તેના ઉકેલ માટે સંશોધન હાથ ધરે છે.

(B) તે વ્યક્તિગત કે સંસ્થાકીય સુધારના માટે નાના પાયા પર ઉપાય માટે થતું સંશોધન છે.

(C) સંશોધનના પરિણામોનું વ્યાપક સામાન્યીકરણ એ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

(D) આવા સંશોધનમાં સાદી વ્યવહારુ ડિઝાઈન ઉપયોગમાં લેવાય છે.

(94) આપેલ પૈકી ક્યું સંશોધન શીર્ષક તે એક ક્રિયાત્મક સંશોધન હોવાનું દર્શાવે છે ?

(A) માનવ પાચનતંત્રના અધ્યાપન માટે AI એનિમેશન વીડિયોની અસરકારકતાનો અભ્યાસ

(B) ગાંધીનગર જિલ્લાની સરકારી મિડલ સ્ટેજ શાળાઓના વિદ્યાર્થીઓની આહારટેવોનો અભ્યાસ

(C) અમદાવાદ કોર્પોરેશનની આંગણવાડીઓના બાળકોમાં એનીમિયાની સ્થિતિનો અભ્યાસ

(D) સરસ્વતી વિદ્યામંદિરના ધોરણ 8 (અ)ના વિદ્યાર્થીઓને ગુજરાતી વ્યાકરણમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

(95) શાળા વિકાસ સમિતિના અધ્યક્ષ વધુમાં વધુ કેટલા વર્ષ સુધી આ પદ પર રહી શકે ?

(A) 1

(B) 2

(C) 4

(D) તેમનું બાળક જેટલા વર્ષ સુધી શાળામાં અભ્યાસ કરે તેટલા વર્ષ

(96) શાળાના સમગ્ર શૈક્ષણિક અને વહીવટી વાતાવરણને સકારાત્મક રાખવા માટે...

(i) આચાર્યનું માનસિક સ્વાસ્થ્ય અસર કરે છે.

(ii) શાળાનું બજેટ અસર કરે છે.

(A) વિધાન (i) સાચુ છે.

(B) વિધાન (ii) સાચુ છે.

(C) વિધાન (i) અને (ii) બંને લાગુ પડે છે.

(D) વિધાન (i) અને (ii) બંનેમાંથી કોઈ પણ લાગુ પડતું નથી.

(97) એક શિક્ષક પોતાના વર્ગખંડમાં વિદ્યાર્થીઓને માહિતી યાદ રાખવાને બદલે જટિલ સમસ્યાઓના ઉકેલ માટે AI સાધનો અને સિમ્યુલેશન લેબનો ઉપયોગ કરવા પ્રેરે છે.

Bloom's Taxonomy ના સંદર્ભમાં કયા ઉચ્ચસ્તરનું વિશ્લેષણ કરે છે ?

(A) Remembering (B) Understanding (C) Application (D) Creating

(98) શાળાના વાર્ષિક પરિણામોનાં પૃથક્કરણ દરમિયાન માલૂમ પડે છે કે અમૂક ચોક્કસ વિષયમાં 30% બાળકો અનુત્તીર્ણ થયા છે. એક કુશળ વહીવટ કર્તા તરીકે આચાર્યનું પ્રથમ પગલું શું હોવું જોઈએ ?

(A) સંબંધિત વિષયના શિક્ષકની તાત્કાલિક બદલી કરાવવી.

(B) સમસ્યાના મૂળ કારણોની તપાસ કરવી.

(C) નબળા બાળકોને પરીક્ષા માટે સતત તૈયાર કરવા.

(D) પરીક્ષાના મૂલ્યાંકનમાં સુધારા કરવા.

(99) ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1997 અનુસાર, 'શિક્ષા' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

(1) ભાષાની જરૂરી પરીક્ષા પાસ ન કરવાને લીધે ઈજાફો રોકવો એ શિક્ષા નથી.

(2) લાયકી આડ ઓળંગવા અયોગ્ય હોઈ, પગારધોરણમાં લાયકી આડ પર રોકવા એ શિક્ષા ગણાશે.

(3) ઉપલા સંવર્ગની અજમાયશી સેવા દરમિયાન નિમણૂકની શરતો અનુસાર મૂળ સંવર્ગમાં પરત મોકલવા એ શિક્ષા નથી.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 2

(100) ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, 1997 હેઠળ રચાયેલ ઉચ્ચ કક્ષાની સમિતિ નીચેના પૈકી કઈ શિક્ષા ન કરી શકે ?

(A) બેદરકારી અથવા હુકમભંગને લીધે સરકારને થયેલા નાણાંકીય નુકસાનની વસૂલાત

(B) ભવિષ્યની અસર સાથે ઈજાફો અટકાવવો

(C) બઢતી અટકાવવી

(D) પગાર ધોરણના નીચલા તબક્કે ઉતારવા

(101) ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો-1998 ની જોગવાઈઓ મુજબ, પંચાયત સેવાની મહિલા સભ્યના કુટુંબમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) તેણી સાથે ન રહેતા તેના ઓરમાન બાળકોનો

(B) તેણી પર આશ્રિત સાસુ-સસરાનો

(C) તેણી પર આશ્રિત માતા-પિતાનો

(D) તેણી સાથે ન રહેતા હોય તેવા પતિનો

(102) ગ્રામ પંચાયત સેક્રેટરીની બદલી થતાં, ગ્રામજનોએ તેમની સેવાઓ પ્રત્યે આદર દર્શાવતો તદ્દન ખાનગી/અવિધિસરનો વિદાય સમારંભ યોજ્યો છે. ગ્રામ પંચાયત સેક્રેટરી, પંચાયત સેવા વર્તણૂક નિયમો અનુસાર...

(A) ખાનગી સમારંભ હોઈ હાજરી આપી શકશે નહિ.

(B) હાજરી આપવા રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી ફરજિયાત છે.

(C) અન્ય હુકમ બાધ ન હોય તો હાજરી આપી શકે.

(D) સમારંભનો ખર્ચ તેઓએ ભોગવવો જોઈશે.

(103) પંચાયત કર્મચારી બદનક્ષીભર્યા આક્ષેપો સામે તેઓના સરકારી કાર્યોને કે ચારિત્ર્યને નિર્દોષ સિદ્ધ કરવા માટે...

(A) માત્ર અદાલતી કાર્યવાહીનો આશ્રય લઈ શકે.

(B) માત્ર વર્તમાન પત્રોનો આશ્રય લઈ શકે.

(C) અદાલતી કાર્યવાહી કે વર્તમાન પત્રો બંનેનો આશ્રય લઈ શકે.

(D) અદાલતી કાર્યવાહી કે વર્તમાન પત્રોનો આશ્રય લઈ શકે નહિ.

(104) ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો-1998 નીચેના પૈકી કોને લાગુ પડતા નથી ?

(A) પંચાયત સેવાની જગ્યાએ ઉપર નિમાયેલી કરાર આધારિત કર્મચારીઓને

(B) પંચાયત સેવાની જગ્યામાં પ્રતિનિયુક્તિ ઉપર હોય તેવા કર્મચારીઓને

(C) પંચાયત સેવાની જગ્યા ઉપર નિમાયેલા કાયમી કર્મચારીઓને

(D) પંચાયત સેવામાં નિમાયેલા અન્ય જગ્યાએ પ્રતિનિયુક્તિ પર ગયેલ કર્મચારીઓને

(105) ગુજરાત મુલ્કીસેવા (રજા) નિયમો-2002 અનુસાર સમગ્ર નોકરીના ગાળામાં વધુમાં વધુ બધી થઈને કેટલી અભ્યાસ રજા મંજૂર થઈ શકે ?

(A) 6 માસ (B) 12 માસ (C) 18 માસ (D) 24 માસ

(106) વર્ષના અર્ધવાર્ષિક ગાળા દરમિયાન નિમણૂક કરવામાં આવી હોય તેવા કર્મચારીના કિસ્સામાં નોકરીના પ્રત્યેક પૂરા થયેલ અંગ્રેજી મહિના માટે કયા દરે અર્ધપગારી રજા જમા થાય ?

(A) $\frac{2}{3}$ દરે (B) $\frac{5}{3}$ દરે (C) $\frac{1}{3}$ દરે (D) $\frac{2}{5}$ દરે

(107) સરકારી કર્મચારીને તેની સમગ્ર નોકરીના દરમિયાન એકંદરે વધુમાં વધુ કેટલી અસાધારણ રજા ખાસ સંજોગોમાં મળી શકે છે ?

(A) બાર મહિના (B) છ મહિના

(C) છત્રીસ મહિના (D) ચોવીસ મહિના

(108) સમગ્ર નોકરીના સમયગાળા દરમિયાન રજા પ્રવાસ રાહત સમયે પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર મહત્તમ કેટલા દિવસ કરતાં વધવું ન જોઈએ ?

(A) 10 દિવસ (B) 60 દિવસ

(C) 50 દિવસ (D) 30 દિવસ

(109) એક સરકારી કર્મચારી કે જે વેકેશન ખાતા સિવાયના અન્ય ખાતામાં ફરજો બજાવે છે, તેની તા. 30-06-2026 ની સ્થિતિએ પ્રાપ્ત રજાની સિલક : 50 છે. તે કર્મચારીએ તા. 1-1-2026 થી તા. 30-06-2026 દરમિયાન 40 દિવસની અસાધારણ રજા ભોગવેલ છે. તો ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમોના નિયમ : 46(1) (B) અનુસાર રજા બાદ કર્યા પછી, તા. 1-7-2026 ની સ્થિતિએ તેની પ્રાપ્ત રજાની સિલક કેટલી થશે ?

(A) 25 (B) 51

(C) 61 (D) 59

(110) નીચેના વિધાનો પૈકી કયા સાચા છે ?

(i) મુદાલિયર કમિશન સ્વતંત્ર ભારતનું પહેલું શિક્ષણપંચ હતું.

(ii) વર્ષ 1952-53 દરમિયાન માધ્યમિક શિક્ષણપંચ રજૂ થયું હતું.

(A) (i) જ સાચું છે. (B) (ii) જ સાચું છે.

(C) (i), (ii) સાચા છે. (D) (i), (ii) ખોટાં છે.

(111) ડૉ. રવિન્દ્રભાઈ દવેની અધ્યક્ષતામાં કઈ સમિતિ/નીતિ/કાર્યક્રમ અંતર્ગત Minimum Level of Learning (MLL) માટે અનુરોધ કર્યો હતો ?

(A) શ્રી ઈશ્વરભાઈ પટેલ સમિતિ

(B) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ-1986

(C) પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારણા કાર્યક્રમ – 1990

(D) જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (DPEP) – 1993

(112) બાળકના વિકાસમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ કઈ શિક્ષણ નીતિમાં સમજાવવામાં આવ્યું છે ?

(A) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 68
(B) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 86
(C) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 92
(D) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020

(113) NEP 2020 માં શાળા શિક્ષણનો વિસ્તાર વધારવા રાજ્યોને કઈ સંસ્થા શરૂ કરવા ભલામણ કરવામાં આવી છે ?

(A) ODL
(B) SOS
(C) SIOS
(D) NIOS

(114) શિક્ષણ પંચના મૂળ અને પ્રચલિત નામનું સાચું જોડકું ઓળખો.

(A) ભારતીય શિક્ષણ પંચ – ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
(B) માધ્યમિક શિક્ષણ પંચ – ડૉ. એ. લક્ષ્મણસ્વામી મુદાલિયર
(C) વિશ્વ વિદ્યાલય શિક્ષણ પંચ – ડૉ. ડી. એસ. કોટારી
(D) રાષ્ટ્રીય જ્ઞાન પંચ – ડૉ. હંસા મહેતા

(115) "અમુક શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અથવા ધાર્મિક ઉપાસનામાં હાજરી અંગે સ્વતંત્રતા" ભારતીય બંધારણમાં આ જોગવાઈ કયા અનુચ્છેદમાં કરવામાં આવેલ છે ?

(A) 28
(B) 29
(C) 30
(D) 27

(116) ભારતીય બંધારણમાં શિક્ષણ સંબંધિત બાબતની જોગવાઈ મૂળભૂત ફરજોમાં કયા વર્ષથી કરવામાં આવેલ છે ?

(A) વર્ષ - 2009
(B) વર્ષ - 2002
(C) વર્ષ - 2020
(D) વર્ષ - 2023

(117) બંધારણની કઈ કલમ પ્રાથમિક શાળાના બાળકોને પોતાની માતૃભાષામાં શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા પૂરી પાડવાની જવાબદારી રાજ્ય સરકારની રહેશે, તેમ જણાવે છે ?

(A) કલમ - 346
(B) કલમ 350 (A)
(C) કલમ - 30 (2)
(D) કલમ - 351

(118) એક સરકારી શાળામાં શિક્ષક કહે છે : "14 વર્ષથી વધુ ઉંમરનાં બાળકને શિક્ષણ આપવાની રાજ્યની કોઈ બંધારણીય જવાબદારી જ નથી."

આ નિવેદનનું શ્રેષ્ઠ મૂલ્યાંકન કયું છે ?

(A) સંપૂર્ણપણે સાચું, કારણ કે, અનુચ્છેદ-21 A 14 વર્ષની ઉંમરે સમાપ્ત થાય છે.
(B) સંપૂર્ણપણે ખોટું, કારણ કે, અનુચ્છેદ-21 A દરેક વયના વ્યક્તિને મફત શિક્ષણ આપે છે.
(C) અધૂરું કારણ કે, અનુચ્છેદ-21 A ની ચોક્કસ મૂળભૂત ગેરન્ટી 6-14 વર્ષ માટે છે, પરંતુ રાજ્યની નીતિ દ્વારા શિક્ષણને વિશાળ મહત્ત્વ આપવામાં આવ્યું છે.
(D) ખોટું કારણ કે, અનુચ્છેદ-45 પણ 14 વર્ષથી ઓછી વય માટે જ છે.

(119) નીચે આપેલ બંધારણની અનુચ્છેદ ધ્યાને લો :

(i) અનુચ્છેદ - 15 (5)
(ii) અનુચ્છેદ - 45
(iii) અનુચ્છેદ - 21 A
(iv) અનુચ્છેદ - 29 (1)
(v) અનુચ્છેદ - 30 (1)

ઉપર પૈકી કઈ અનુચ્છેદ/અનુચ્છેદો શિક્ષણ સાથે સંકળાયેલ નથી ?

(A) માત્ર (i), (ii), (iv), (v)
(B) માત્ર (i), (ii), (iv)
(C) માત્ર (i), (ii), (iii), (iv)
(D) માત્ર (iv)

(120) નીચેનાં વિધાનો ધ્યાને લો.

(i) બંધારણની સાતમી અનુસૂચિમાં કેન્દ્ર યાદીમાં શિક્ષણને લગતા કુલ-6 વિષયો છે.
(ii) શિક્ષણનો સમાવેશ મૂળેથી કેન્દ્ર યાદીમાં કરવામાં આવેલ હતો.
(iii) "શિક્ષણ" હાલ રાજ્ય યાદીનો વિષય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાનો સાચું/સાચા છે.

(A) માત્ર (i), (ii)
(B) માત્ર (i)
(C) માત્ર (ii) & (iii)
(D) (i) (ii) (iii) તમામ

(121) સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF) ના મુખ્યક્ષેત્રો પૈકી કયા મુખ્યક્ષેત્રને સૌથી વધુ ભારાંક આપવામાં આવ્યું છે ?

(A) અધ્યયન અને અધ્યાપન
(B) મૂલ્યાંકન
(C) સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ
(D) શાળા સંસાધનો

(122) બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન 2026-27 નો મુખ્ય વિષય કયો છે ?

(A) ટકાઉ અને વિકસિત ભારત માટે વિજ્ઞાન, ટેકનોલૉજી અને ઇનોવેશન
(B) વિકસિત ભારત 2047 માટે વિજ્ઞાન અને ટેકનોલૉજી
(C) ટકાઉ અને વિકસિત ભારત માટે સ્ટેમ (STEM)
(D) વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ (STEM)

(123) ધોરણ 8 માં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીને શાળા અને રિસોર્સરૂમ પર આવવા-જવા માટે કેટલું ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળવાપાત્ર છે ?

(A) 3000 રૂપિયા (B) 4500 રૂપિયા (C) 8000 રૂપિયા (D) 10,000 રૂપિયા

(124) આ નિપુણ ગુજરાત મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય નથી.

(A) બાલવાટિકાથી ધોરણ-5 ના વિદ્યાર્થીઓમાં FLN ના અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરવા.
(B) બાલવાટિકા અને પ્રાથમિક શિક્ષણ વચ્ચે સાતત્યપૂર્ણ સંક્રમણ સુનિશ્ચિત કરવું.
(C) વાલી અને સમુદાયની ભાગીદારી થકી બાળકો માટે સહાયક શૈક્ષણિક વાતાવરણ તૈયાર કરવું.
(D) બાળકોનું નાની વયથી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઘડતર કરવું.

(125) SCF-FS (2024) મુજબ CG-7 : 'બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આસપાસની દુનિયાને સમજે છે.' – કયા શિક્ષણના ક્ષેત્ર સાથે જોડાયેલ છે ?

(A) શારીરિક વિકાસ

(B) સામાજિક - ભાવનાત્મક અને નૈતિક વિકાસ

(C) જ્ઞાનાત્મક વિકાસ

(D) ભાષા અને સાક્ષરતા વિકાસ

(126) માહિતી અધિકાર અધિનિયમ-2005 મુજબ નીચેનામાંથી કઈ બાબત 'માહિતી'ના દાયરામાં આવતી નથી ?

(A) પરિપત્ર

(B) ઈ-મેઈલ

(C) કાલ્પનિક પ્રશ્નોના જવાબો

(D) કરારની નકલ

(127) ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, 2010 હેઠળ ફી લેવા માટે અલગથી તંત્ર કે કાર્યરીતિ અમલમાં ન હોય ત્યારે રેકર્ડની તપાસણી માટે ફીની જોગવાઈ શું છે ?

(A) પ્રથમ અર્ધા કલાક માટે કોઈ ફી નહિ, ત્યારબાદ દરેક અર્ધા કલાક માટે રૂા. 20/-

(B) પ્રથમ કલાક માટે કોઈ ફી નહિ, ત્યારબાદ દરેક કલાક માટે રૂા. 20/-

(C) શરૂઆતથી જ દરેક કલાક માટે રૂા. 20/-

(D) પ્રથમ અર્ધા કલાક માટે કોઈ ફી નહિ, ત્યારબાદ દરેક અર્ધા કલાક માટે રૂા. 50/-

(128) માહિતી અધિકાર અધિનિયમ, 2005 ની કલમ : 20(1) માં નિર્દિષ્ટ સંજોગોમાં જાહેર માહિતી અધિકારીને દરેક દિવસ માટે કેટલો દંડ થઈ શકે ? તથા દંડની મહત્તમ મર્યાદા કેટલી છે ?

(A) પ્રતિ દિવસ રૂા. 250/-, મહત્તમ રૂા. 10,000/- ની મર્યાદામાં

(B) પ્રતિ દિવસ રૂા. 500/-, મહત્તમ રૂા. 50,000/- ની મર્યાદામાં

(C) પ્રતિ દિવસ રૂા. 500/-, મહત્તમ રૂા. 25,000/- ની મર્યાદામાં

(D) પ્રતિ દિવસ રૂા. 250/-, મહત્તમ રૂા. 25,000/- ની મર્યાદામાં

(129) માહિતી અધિકાર અધિનિયમ-2005 ની કલમ 11 હેઠળ જાહેર માહિતી અધિકારી (PIO) તરફથી નોટિસ મળ્યા પછી, ત્રીજા પક્ષકારે માગવામાં આવેલ માહિતી પ્રગટ કરવા સામે પોતાની રજૂઆત અથવા વાંધો કેટલા દિવસની અંદર કરવાનો રહે છે ?

(A) નોટિસ મળ્યા તારીખથી 5 દિવસની અંદર

(B) નોટિસ મળ્યા તારીખથી 10 દિવસની અંદર

(C) નોટિસ મળ્યા તારીખથી 15 દિવસની અંદર

(D) નોટિસ મળ્યા તારીખથી 30 દિવસની અંદર

(130) માહિતી અધિકાર અધિનિયમ-2005 અન્વયે જ્યારે જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત પક્ષકારને કલમ : 11(2) હેઠળ રજૂઆત કરવાની તક આપી હોય ત્યારે, જાહેર માહિતી અધિકારીએ કલમ : 6 હેઠળ વિનંતી મળ્યા પછીના કેટલા દિવસની અંદર માહિતી જાહેર કરવા અંગે નિર્ણય લેવાનો હોય છે ?

(A) 10 દિવસ

(B) 20 દિવસ

(C) 30 દિવસ

(D) 40 દિવસ

(131) ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ 'નિપુણ ગુજરાત અભિયાન'માં કયા વર્ષ સુધીમાં લક્ષ્યાંક હાંસલ કરવા જણાવ્યું છે ?

(A) 2026-27 (B) 2027-28 (C) 2028-29 (D) 2029-30

(132) શિક્ષણ વિભાગના તા. 19/08/2025 ના ઠરાવથી કયા શિક્ષકોને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવાની જાહેરાત કરવામાં આવી ?

(A) આશ્રય શાળાનાં શિક્ષકો (B) નગર પ્રાથમિક શિક્ષણસમિતિના શિક્ષકો

(C) રહેમરાહે નિયુક્ત શિક્ષકો (D) કરાર આધારિત શિક્ષકો

(133) ગુજરાતમાં ડ્રોપઆઉટના પ્રમાણમાં ઘટાડો કરવા રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં કયું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે ?

(A) કન્યા કેળવણી મહોત્સવ (B) શિક્ષણમાં સાતત્ય

(C) બ્રીજકોર્સ (D) સમરસ વિદ્યાસેતુ

(134) પ્રાથમિક શિક્ષકના બદલીના નિયમોના પ્રકરણ-U અંતર્ગત રાજ્ય ફરિયાદ નિવારણ સમિતિની બાબતમાં નીચેનામાંથી કઈ જોગવાઈ સુસંગત નથી ?

(A) વિદ્યા સહાયક/શિક્ષક તેમને મળેલા હુકમ સાથે નારાજગી સામે દિ. 30 અરજી કરવાની રહેશે.

(B) આ સમિતિ પાંચ સભ્યોની રહેશે.

(C) આ સમિતિની બેઠક ઓછામાં ઓછી દર - બે માસે મળશે.

(D) આખરી સુનવણીની પ્રક્રિયા પૂર્ણ કરી દિ.-45 માં હુકમ કરવાના રહેશે.

(135) નીચેનામાંથી કઈ પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવતું નથી ?

(A) G.C.C. (Type / Steno) Exam (B) D.El.Ed. / DPSE Exam

(C) Gujarat Educational Service (D) Departmental Examination

(136) સ્કૂલ સેફટી માટે જિલ્લાની શાળાઓના મકાનોનું મોનીટરીંગ કોણ કરે છે ?

(A) DDMA (B) DDO (C) DPEO (D) જિલ્લા કલેક્ટર

(137) ફાયર સેફટી માટે શાળાએ કયા મહત્ત્વના પગલાં લેવા જોઈએ ?

(A) ફાયર એક્સ્ટીગ્યુશર અને અન્ય સાધનો નિયમિત રીતે દૂરસ્ત કરવા.

(B) એલાર્મ સિસ્ટમ ચાલુ હાલતમાં રાખવી જોઈએ.

(C) ઈલેક્ટ્રીકલ સીસ્ટમ મેન્ટેન રાખવી જોઈએ. તે સલામત હોવી જોઈએ.

(D) ઉપરોક્ત ત્રણેય

(138) રાષ્ટ્રીય સ્કૂલ સેફટી પોલીસીની ગાઈડ લાઈન શાળા શિક્ષણ સાથે જોડાયેલા કયા લોકોનું સલામતી માટે ધ્યાન દોરવા માંગે છે ?

(A) નીતિ નિર્ધારકો (B) એન્જિનીયર

(C) વેપારી (D) વાલી

(139) સ્કૂલ સેફ્ટી પોલીસી અનુસાર નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) શાળા સલામતી માત્ર મકાન બનાવતી વખતે ધ્યાનમાં રાખવી જોઈએ.

(B) શાળા સલામતી એક વખતનો પ્રયત્ન નથી પરંતુ સતત ચાલતી પ્રક્રિયા છે.

(C) શાળા સલામતી માટે માત્ર તૈયારી પૂરતી છે.

(D) શાળા સલામતી માટે ઘટના બને ત્યારે જ પ્રતિભાવ આપવો જોઈએ.

(140) વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે તેવું સ્કૂલ સેફ્ટીનું પ્રચાર સાહિત્ય કોણે તૈયાર કરવું જોઈએ ?

(A) State Disaster Management Authority

(B) District Disaster Management Authority

(C) State Council of Education, Research and Trainning

(D) School Management Committee

(141) એક શિક્ષકને જાણવા મળે છે કે એક વિદ્યાર્થી અગાઉ કાયદા સાથે સંઘર્ષમાં આવી ચૂક્યો છે. તે વિદ્યાર્થી હવે નિયમિત રીતે શાળામાં આવે છે અને સુધરવાનો પ્રયાસ કરે છે. શિક્ષકનું કયું વર્તન JJ Act ની ભાવના સાથે સૌથી વધુ સસુંગત છે ?

(A) વિદ્યાર્થીને ગુનેગાર તરીકે ઓળખાવવો.

(B) વિદ્યાર્થીને પુનર્વસન, શિક્ષણ અને સામાજિક પુનઃ એકત્રીકરણ માટે સહાયક વાતાવરણ પૂરું પાડવું.

(C) તેને વર્ગમાં જવાબદારી આપવાનું બંધ કરવું અને અન્ય વિદ્યાર્થીઓથી અંતર જાળવવું.

(D) તેની ભૂતકાળની ઘટનાને આધારે સતત શંકાની નજરે જોવે.

(142) એક વિદ્યાર્થી શાળામાં વારંવાર આક્રમક વર્તન કરે છે. શિક્ષક પાસે બે વિકલ્પો છે.

(i) વર્તનનાં મૂળ કારણો સમજવા માટે કાઉન્સેલીંગ, વાલી સાથે બેઠક જેવી બાબતો હાથ ધરવી.

(ii) તરત કડક સજા કરી વર્ગમાંથી બહાર કાઢવો.

JJ Act ની બાળ-કેન્દ્ર આધારિત પદ્ધતિ સાથે કઈ પદ્ધતિ વધુ સુસંગત છે ?

(A) માત્ર વિકલ્પ - (i)

(B) માત્ર વિકલ્પ - (ii)

(C) બંનેમાંથી કોઈ નહિ

(D) વિકલ્પ (ii) હંમેશા અને વિકલ્પ (i) માત્ર પરીક્ષાના સમયે

(143) એક વિદ્યાર્થીનાં ભૂતકાળના કાયદા સાથેના સંઘર્ષને કારણે કેટલાક વાલીઓ શાળામાં ફરિયાદ કરે છે :

"આ બાળકને અન્ય બાળકો સાથે ભણાવવાથી અમારા બાળકો પર ખરાબ અસર થશે."

શિક્ષક તરીકે સૌથી યોગ્ય પ્રતિભાવ કયો છે ?

(A) વિદ્યાર્થીની ગુપ્તતા જાળવી, કોઈ પણ ભેદભાવ અટકાવી, શાળા સુરક્ષા અને વિદ્યાર્થીની પુર્નસ્થાપનને ધ્યાનમાં લઈ પગલા લેવા જોઈએ.

(B) વિદ્યાર્થીનાં કેસની વિગતો વાલીઓ સમક્ષ જાહેર કરવી.

(C) વાલીઓની ફરિયાદને સંપૂર્ણપણે અવગણવી.

(D) વાલીઓની માંગ સ્વીકારી વિદ્યાર્થીને અલગ કરી દેવો.

(144) વિધાન (A) POCSO : સંબંધિત ઘટનામાં શિક્ષકે બાળકને વારંવાર વિગતવાર પૂછપરછ કરવાનું ટાળવું જોઈએ.
કારણ (R) : બાળકને વારંવાર પૂછપરછ કરવાથી માનસિક આઘાત વધવાની અને બાળકને અનુકૂળ પ્રક્રિયાના હેતુને નુકસાની થવાની શક્યતા રહે છે.

(A) A અને R બંને સાચા છે R, A નું યોગ્ય કારણ છે.

(B) A અને R બંને સાચા છે, પરંતુ R, A નું યોગ્ય કારણ નથી.

(C) A સાચું છે, પરંતુ R ખોટું છે.

(D) A ખોટું છે, પરંતુ R સાચું છે.

(145) નીચેનાં વિધાનો ધ્યાને લો.

(i) POCSO Act, 2012 અન્વયે પીડિત બાળકની જુબાની નોંધતી વખતે પોલીસ યુનિફોર્મમાં હાજર રહી શકે નહિ.

(ii) POCSO Act, 2012 ના કિસ્સામાં જરૂર પડ્યે પોલીસ બાળકને રાત્રીના સમયે પોલીસ સ્ટેશનમાં રાખી શકે.

(iii) POCSO Act, 2012 ને લગતાં કેસો ચલાવવા ખાસ વિશેષ અદાલતની રચના કરવાની જોગવાઈ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાનો સાચાં છે ?

(A) માત્ર - (i) & (ii)
(B) માત્ર - (ii) & (iii)
(C) માત્ર - (i) & (iii)
(D) (i), (ii), (iii) તમામ

(146) શાળામાં સતત ગેરહાજર રહેતા બાળકના વાલીના ઘરે મુલાકાત લેવા મુખ્ય શિક્ષક કોને જણાવશે ? (શિ.વિ. 6/3/2014 ના ઠરાવના આધારે)

(A) શાળા વ્યવસ્થાપન સમિતિ
(B) વાલીના કુટુંબીજનો
(C) સરપંચ
(D) CRC

(147) કેટલી વય સુધીના IED બાળકો પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તે જોવાની મુખ્ય શિક્ષકની જવાબદારી છે ? (શિ.વિ. ના 3/6/2014 ઠરાવના આધારે)

(A) 10 વર્ષ સુધીના (B) 14 વર્ષ સુધીના (C) 19 વર્ષ સુધીના (D) 16 વર્ષ સુધીના

(148) કોઈ મુખ્ય શિક્ષક શાળા દરમિયાન પોતાનું ખાનગીકામ કરે છે. તે પોતાની કઈ ફરજનો ભંગ કરે છે ? (શિ.વિ. તા. 3/6/2014 ના ઠરાવના આધારે)

(A) સામાન્ય ફરજ (B) શૈક્ષણિક ફરજ (C) વહીવટી ફરજ (D) નૈતિક ફરજ

(149) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 મુજબ મુખ્ય શિક્ષકોની ફરજોની બાબતમાં શું સાચું છે ?

(A) નીચલા ધોરણમાં કોઈ વિદ્યાર્થીને ગેરવાજબી રાખી નહિ મુકવાનો

(B) શાળામાં જતા બાળકોના માતા અને પિતા બાળકોને શાળામાં દાખલ કરાવવા તેમજ હાજર રાખવાનું સમજાવવાનું

(C) દર વર્ષે શાળાનું સમયપત્રક તૈયાર કરવું

(D) ઉપરના બધાં જ

(150) એક મુજબ શિક્ષકે તરીકે રજા રીપોર્ટને દફતર વર્ગીકરણના ભાગરૂપે કયા વર્ગમાં મુકશો ?

(A) અ - વર્ગ (B) ઈ - વર્ગ (C) ક - વર્ગ (D) ડ - વર્ગ

◆◆◆

રફ કામ માટેનું પેઇજ

A 105051

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.